/

આદિજાતિ વિસ્તારોમાં પરંપરાગત સિંચાઇની પધ્ધતિઓનુ સુદ્રઢીકરણ કરવા સાધન સહાયની યોજનાની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:વીકેવાય/૧૦૨૦૧૬/૯૭/પી
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૨૧/૦૭/૨૦૧૬.

**વંચાણે લીધા** :-

૧ કમિશનરશ્રી(આ.વિ.) ની કચેરીનો પત્ર ક્રમાંક: અવક/ સિંચાઇ/ન.બા/૨૦૧૬/૮૩/ તા.૧૬/૦૨/૨૦૧૬.

૨ કમિશનરશ્રી(આ.વિ.) ની કચેરીનો પત્ર ક્રમાંક: અવક/ સિંચાઇ/ન.બા/૨૦૧૬/૩૦૨ તા.૨૯/૦૬/૨૦૧૬.

**ઠરાવ** :-

રાજ્યમાં આદિજાતિ વસ્તી ધરાવતા ૧૪ જિલ્લાઓના મોટાભાગના વિસ્તારો ડુંગરાળ અને અંતરિયાળ હોઇ, આવા તમામ અંતરિયાળ, દુર્ગમ વિસ્તારોમાં આધુનિક સિચાઇની પધ્ધતિઓ પહોચી શકતી ના હોવાને કારણે આદિજાતિ લોકો પોતાના ખેતરોમાં સપોર્ટ ઇરીગેશન અર્થે પરંપરાગત રીતોથી સિંચાઇ કરતા આવ્યા છે. આ પરંપરાગત રીતોને જીવંત રાખવા, તેની અસરકારકતા વધારવા માટે જરૂરી સાધન સહાય આપી ઉત્પાદન વધારી તેઓની આજિવિકા વધારવાની માટે અંતરિયાળ દુર્ગમ વિસ્તારોમાં વસતા આદિજાતિ લોકોને આવી પરંપરાગત સિંચાઇ માટે તેઓની જરૂરીયાત મુજબ સાધન સહાય પણ કરવાની રહે છે. આ યોજના માટે રૂ.૨૦૦.૦૦/- લાખની વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ. અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોમાં વસતા આદિજાતિના ખેડૂતો પરંપરાગત પદ્ધતિથી સિંચાઇ કરતા આવ્યા છે. આ પદ્ધતિને જીવંત રાખવા અને તેની અસરકારકતા વધારવા માટે આ પ્રકારની પરંપરાગત સિંચાઇની પદ્ધતિમાં શ્રમ અને સમય બન્નેનો વ્યય થતો હોય છે. જેના નિવારણ માટે નાના ટૂકડામાં જમીન ધરાવતાં આદિવાસિ ખેડૂતોને તેઓની ખેતી નજીક આવેલા વોંકળા, કોતરોમાં ભરાઇને સંગ્રહ થયેલ પાણીના સંગ્રહવાળાં પરંપરાગત સ્ત્રોતોનો ઉપયોગ કરી શકે તે માટે ડીઝલથી ચાલતાં એક એન્જીન જનરેટર સેટ અને ૨૦ ફૂટની એક એચ.ડી.પી.ઈ ફાઇબરના એવાં ૧૦ નંગ પાઇપ (૨૦૦ ફૂટનો સેટ) આપી લાભાન્વીત કરવાથી તેઓ એક કરતાં વધુ સિઝનની ખેતી કરી વધુ આર્થિક આવક મેળવી શકે તેમ છે, આ માટેનો યુનિટકોસ્ટ રૂ. ૫૦,૦૦૦/- થાય છે

તેમાંથી ૯૦% લેખે રૂ. ૪૫,૦૦૦/- સરકારશ્રી તરફથી સરકારશ્રીના આયોજન હેઠળ આપવામાં આવશે અને ૧૦% લેખે રૂ. ૫,૦૦૦/-નો લોકફાળો એટલે કે આદિજાતિ લાભાર્થી ખેડુતે આપવાનો રહે છે. જેની વહિવટી મંજૂરી આપવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતિ.

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિ વિસ્તારોમાં પરંપરાગત સિંચાઇની પધ્ધતિઓનો સુદ્રઢીકરણ કરવા સાધન સહાયની યોજના માટે રૂ. ૨૦૦.૦૦/- લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

**શરતો :-**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ અંગેની વિગતવાર યોજના તૈયાર કરી સરકારની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૭) આ યોજનાનું અમલીકરણ મુખ્ય કારોબારી અધિકારીશ્રી ડિ-સેગએ જે તે જીલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રીઓના પરામર્શમાં સિંચાઇ વિભાગના ધારાધોરણ મુજબ કરવાનું રહેશે.

(૮) આ યોજના બેવડાય નહીં તે સંદર્ભે નર્મદા અને જળ સંપત્તિ વિભાગનાં પરામર્શમાં રહિને યોજનાનો અમલ કરવાનો રહેશે.

(૯) આ અંગે યોજનાનાં નિયમો બનાવી સરકારશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૦) લાભાર્થીની પસંદગી પારદર્શી પ્રક્રીયાને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) આ યોજના બેવડાય નહીં તે રીતે નર્મદા અને જળસંપત્તિ વિભાગનાં પરામર્શમાં યોજનાનો અમલ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માગણી ક્રમાંક:૯૬, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગનુ કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨-અનુસૂચિત આદિજાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૭૫-વીકેવાય-

આદિજાતિ વિસ્તારોમા ચેકડેમ સહ ઉદવહન સિંચાઇ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૧૮/૭/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી અને તેમના નામે

( રાજેશ પટેલ )
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આ.વિ.) બિરસા મુંડા ભવન, સે.૧૦-એ, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી,
- નાણાંકીય સલાહકારશ્રી (આ.વિ.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી અમદાવાદ, રાજકોટ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી
- તિજોરી અધિકારીશ્રીઓ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસા મુંડા ભવન, સે.૧૦-એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી/છ શાખા, (બજેટ) આ.વિ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઈલ.

૧ - સિસ્ટમ મેનેજરને વેબસાઈટ ઉપર મૂકવા માટે